**આઉટ સોર્સીંગ એજન્સીથી સેવા લેવામાં આવતા કર્મચારીઓ ના EPF/ESI બાબત**

## :: પરિપત્ર ::

નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી ના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે. કે સયુંકત સચિવશ્રી, કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગરની કચેરીના તા: ૨૮/૧૧/૨૦૧૮ ના પત્ર ક્રમાંક: પરચ/૧૨૧૮/૧૦૧૩/મ-૩ થી જણાવ્યા મુજબ લાગુ પડતી માહિતિ અત્રેની કચેરીને મોકલવાની રહેશે.

સયુંકત સચિવશ્રી, કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગરના ઉકત પત્ર મુજબ જણાવેલ છે કે વિભાગ તેમજ ખાતના વડાની કચેરી/બોર્ડ કોર્પોરેશનની કચેરીઓમાં જુદી જુદી કામગીરી માટે મેનપાવર રાખવામાં આવે છે.સરકારી ધારા ધોરણ મુજબ આ મેનપાવરમાં કર્મચારીઓના **EPF/ESI** ગણતરી કરી એજન્સી દ્વારા બીલ આપવામાં આવે છે. અને કર્મચારીઓને તેની રકમ કપાત કરી ચુકવવામાં આવે છે.તાજેતરમાં અધિક મુખ્ય સચિવશ્રી(કૃષિ)ની અધ્યક્ષતામાં મીટીંગમાં થયેલ ચર્ચા મુજબ અનુભવે એવુ ધ્યાનમાં આવેલ છે કે ઘણી એજન્સીઓ વિભાગ /ખાતાના વડાની કચેરીઓના કર્મચારી પાસેથી **PF/ESI** ની રકમ લેવામાં વસુલ કરેલ હોવા છતા કર્મચારીઓમાં સંબધીત **EPF/ESI** એકાઉન્ટ ખોલાવેલ ન હોય પૈસા જમા કરાવતા નથી અને આ રીતે નાણાંકીય ગેરરીતી આચરવામાં આવતી હોવાનું ધ્યાને આવેલ છે.

**આથી આપના હસ્તકની કચેરીઓમાં આઉટ સોર્સીંગ એજન્સીથી રાખવામાં આવેલ તમામ મેનપાવર ના EPF/ESI એકાઉન્ટ જેતે એજન્સીઓએ ખોલાવેલ છે કે કેમ? અને જો ના ખોલાવેલ હોય તો તાત્કાલીક આ અંગેની કાર્યવાહી કરવા એજન્સીને જણાવવા તેમજ જે તે કર્મચારીના EPF/ESI ના એકાઉન્ટમાં તેની કપાત થયેલ એમ્પ્લોયરના ફાળા સહીત જમા કરાવવામાં આવે તે અંગે વેરીફાઇ કરી દિન-૭ માં અત્રે જાણ કરવા જણાવવામાં આવે છે.**

**EPF/ESIની કપાત સંબધીત એકાઉન્ટમાં જમા કરાવવી એ જે તે એમ્પ્લોયરની કાનુની ફરજ છે.અને આથી આ બાબતે જો કોઇ ગેરરીતી થયેલ હોય તેવુ ધ્યાનમાં આવે તો સંબધીત EPF/ESI કમિશ્નરશ્રીના ધ્યાનેઆ બાબત મુકી જરૂરી કાયદેસરની કાર્યવાહી જણાવવામાં આવે છે.**(આ સાથે અસલ પત્ર સામેલ રાખેલ છે.)

**પ્રસ્તુત પરિપત્ર અત્રેની નોંધ ફાઇલ ઉપર મા.કુલપતિશ્રીની મંજુરી મેળવી જણાવવામાં આવે છે.**

**જા.નં.નકયુ./રજી/અ.૩.૧/૧૨૦૫૩-૧૨૧૦૨/૨૦૧૮.**
**નવસારી. તારીખ: ૨૬/૧૨/૨૦૧૮.**

ઈ/ચા.**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી.**

**નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂ.**

૧ સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી તરફ જાણ તેમજ સીકયુરીટી સર્વિસ પુરી પાડનાર પાર્ટી પાસેથી **EPF/ESI** ની માહિતી મેળવવાનીરહેશે.

૨ કાર્યપાલક ઈજનેરશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી તરફ જાણ તેમજ આપની કચેરીએ મેનપાવર આઉટ સોર્સીંગ સર્વિસ પુરી પાડનાર પાર્ટી પાસેથી **EPF/ESI** ની માહિતી મેળવવાની રહેશે.

3 નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી કેન્દ્રના તમામ કચેરી /યુનિટ /સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.

૨/- આપની કચેરી તરફથી મોકલવાની થતી માહિતી દિન -03(ત્રણ) માં મોકલવા ઉકત માહતી દિન-૩ (ત્રણ) માં ન આવે તો આપની કચેરી ની માહિતી મામુર છે એમ સમજી લેવામાં આવશે. આ બાબતે જો પાછળ થી પ્રશ્ન ઉપસ્થીત થાયતો તેની સમ્પુર્ણ જવાબદારી જે તે કચેરીની રહશે.

તાત્કાલિક / સમય મર્યાદા

ક્રમાંક: પરચ/૧૨૧૮/૧૦૧૩/મ-3
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯-૨૩૨૫૦૮૪૯
Email : so-m3-agri@gujarat.gov.in
તારીખ :૨૮/૧૧/૨૦૧૮

પ્રતિ,

- ઉપ સચિવશ્રી(મહેકમ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- ખેતી નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- બાગાયત નિયામકશ્રી. કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પશુપાલન નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ખાંડ નિયામકશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી., બલરામ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ નિગમ લી., સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી, શ્યામલ રો હાઉસ, સેટેલાઇટ, અમદાવાદ.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય વેર હાઉસિંગ કોર્પોરેશન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય ઘેટાં અને ઊન વિકાસ નિગમ લી., ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય કૃષિ બજાર બોર્ડ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કુલ સચિવશ્રી, આણંદ/નવસારી/જુનાગઢ/દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી જિ- બનાસકાંઠા.
- રજિસ્ટ્રારશ્રી, કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- સભ્ય સચિવ સહ સંયુક્ત પશુપાલન નિયામકશ્રી, ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત રાજ્ય સહકારી ટ્રિબ્યુનલ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ.
- મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી, નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ, સહકાર ખાતું, કૃષિ ભવન, પાલડી અમદાવાદ.
- નિયામકશ્રી(આત્મા), પી-૭, એમ-ફ્લોર, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.

**વિષય: આઉટ સોર્સિંગ એજન્સીથી સેવા લેવામાં આવતા કર્મચારીઓના EPF\ESI બાબત**

11 DEC 2018

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે વિભાગ તેમજ ખાતાના વડાની કચેરી \ બોર્ડ કોર્પોરેશનની કચેરીઓમાં જુદી જુદી કામગીરી માટે મેનપાવર રાખવામાં આવે છે. સરકારી ધારાધોરણ મુજબ આ મેનપાવરમાં કર્મચારીઓના EPF/ESI ગણતરી કરી એજન્સી દ્વારા બીલ આપવામાં આવે છે અને કર્મચારીઓને તેની રકમની કપાત કરી ચૂકવવામાં આવે છે.

તાજેતરમાં અધિક મુખ્ય સચિવશ્રી(કૃષિ)ની અધ્યક્ષતામાં મીટીંગમાં થયેલ ચર્ચા મુજબ અનુભવે એવુ ધ્યાનમાં આવેલ છે કે ઘણી એજન્સીઓ વિભાગ/ ખાતાના વડાની કચેરીઓના કર્મચારી પાસેથી PF\ESIની રકમ લેવામાં વસુલ કરેલ હોવા છતા કર્મચારીઓમાં સંબંધીત EPF/ESI એકાઉન્ટ ખોલાવેલ ન હોઇ પૈસા જમા કરાવતા નથી અને આ રીતે નાણાકીય ગેરરીતી આચરવામાં આવતી હોવાનુ ધ્યાને આવેલ છે.

આથી આપના હસ્તકની કચેરીઓમાં આઉટ સોર્સિંગ એજન્સીથી રાખવામાં આવેલ તમામ મેનપાવરના EPF/ESI એકાઉન્ટ જે તે એજન્સીઓએ ખોલાવેલ છે કે કેમ? અને જો ના ખોલાવેલ હોય તો તાત્કાલીક આ અંગેની કાર્યવાહી કરવા એજન્સીને જણાવીએ તેમજ જે તે કર્મચારીના EPF/ESIના એકાઉન્ટમાં તેની કપાત થયેલ રકમ એમ્પ્લોયરના ફાળા સહીત જમા કરાવવામાં આવે તે અંગે વેરીફાઇ કરી દિન-૭માં અત્રે જાણ કરવા જણાવવામાં આવે છે

EPF/ESI ની કપાત સંબંધીત એકાઉન્ટમાં જમા કરાવવી એ જે તે એમ્પ્લોયરની કાનુની ફરજ છે અને આથી આ બાબતે જો કોઇ ગેરરીતી થયેલ હોય તેવું ધ્યાનમાં આવે તો સંબંધીત EPF/ESI કમિશ્નરશ્રીના ધ્યાને આ બાબત મુકી જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(દિલીપ જી. સોની)
સંયુક્ત સચિવ
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
ઇ.નં. ૬૦૩૭
12 DEC 2018
એડીએમ-૩ શાખા

નકલ જાણ અર્થે રવાના:-

- અધિક મુખ્ય સચિવશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી,કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(સહકાર)ના અંગત સચિવશ્રી, કૃષિ ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક સેન્ટ્રલ પ્રોવીડેન્ટ ફન્ડ કમીશનર,ભવિષ્યનિધિ ભવન,ઇન્કમ ટેક્ષ સર્કલ પાસે, આશ્રમ રોડ,અમદાવાદ.
- રીજીઓનલ ડાયરેક્ટર,પંચવટ ભવન,કામદાર રાજ્ય વીમા કોર્પોરેશન,ઇન્કમ ટેક્ષ સર્કલ, આશ્રમ માર્ગ,ઉસ્માનપુરા,અમદાવાદ.

A-3

22
૧૩૬૮